## PM મોદી ડિસેમ્બરમાં કેનેડાની મુલાકાતે જશે

યુનાઇટેડ નેશન્સ, તા. 23 (PTI) કેનેડાના વડા પ્રધાન માર્ક કાર્નીએ જણાવ્યું છે કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદી આ વર્ષે ડિસેમ્બરની આસપાસ કેનેડાની મુલાકાતે આવે તેવી અપેક્ષા છે. કાર્નીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, ઓટ્ટાવા ભારત સાથેની તેની વેપાર વાટાઘાટોમાં સારી પ્રગતિ કરી રહ્યું છે. વડા પ્રધાન મોદી ક્યારે કેનેડાની મુલાકાતે આવશે અને દિલ્હી સાથે મુક્ત વેપાર કરાર પૂર્ણ કરવાની દિશામાં ઓટ્ટાવા કેટલું નજીક છે તે અંગેના એક પ્રશ્નના જવાબમાં કાર્નીએ આ ટિપ્પણીઓ કરી હતી. કાર્નીએ મંગળવારે યુનાઇટેડ નેશન્સ જનરલ એસેમ્બલીના ઉચ્ચ-સ્તરીય સત્ર દરમિયાન યોજેલી પ્રેસ-કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, "અમે ભારત સાથેની અમારી વેપાર વાટાઘાટોમાં સારી પ્રગતિ કરી રહ્યા છીએ. તે ઘણાબધા સ્તરો પર, લોકો વચ્ચે સંબંધો પર, સુરક્ષા, વેપાર તથા આર્થિક સ્તરો પર પણ ખૂબ મહત્ત્વપૂર્ણ સંબંધો છે." કાર્નીએ જણાવ્યું કે, વડા પ્રધાન મોદી અને તેમણે ગયા વર્ષે જી-20માં "આ વર્ષના જી-20 સુધીમાં વાટાઘાટો પૂર્ણ કરવા માટે પ્રતિબદ્ધતા દર્શાવી હતી.

## FSSAI દ્વારા એમેઝોન, સ્વિગી, બિગબાસ્કેટ, ઝેપ્ટો, ફ્લિપકાર્ટ સામે કડક કાર્યવાહી

નવી દિલ્હી, તા. ૨૩ (પીટીઆઇ) ખાદ્ય નિયામક એફએસએસએઆઈએ બુધવારે જણાવ્યું હતું કે, તેણે ભ્રામક દાવાઓ અને પ્રતિબંધિત ઉત્પાદનોના વેચાણ સહિતના વિવિધ બિન-પાલન માટે ઈ-કોમર્સ પ્લેટફોર્મ્સ એમેઝોન, સ્વિગી ઈન્સ્ટામાર્ટ, બિગબાસ્કેટ, ફ્લિપકાર્ટ ઈન્ડિયા અને ઝેપ્ટો સામે દંડાત્મક કાર્યવાહી શરૂ કરી છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં ફૂડ સેફ્ટી એન્ડ સ્ટેન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (એફએસએસએઆઇ)એ માહિતી આપી હતી કે, તેણે નિયમોનું પાલન ન કરવા બદલ એમેઝોન, સ્વિગી ઈન્સ્ટામાર્ટ, બિગબાસ્કેટ, ફ્લિપકાર્ટ ઈન્ડિયા અને ઝેપ્ટો સહિતના ઈ-કોમર્સ પ્લેટફોર્મ્સ સામે મોટી કાર્યવાહી) શરૂ કરી છે." તેણે ઉમેર્યું હતું કે, બિન-પાલનમાં મિસબ્રાન્ડિંગ/ભ્રામક દાવાઓ, તેમજ પ્રતિબંધિત/ઝેરી ખાદ્ય પદાર્થોનું વેચાણ અને પ્રદર્શન સામેલ છે.

## મેહુલ ચોક્સીના વકીલ વિજય અગ્રવાલની યુકેમાં જામીન અરજી ફગાવાઈ

લંડન, તા. 23 (PTI) ગયા મહિને લંડનમાં જાતીય સતામણીના આરોપોસર ધરપકડ કરાયેલા ક્રિમિનલ લોયર વિજય અગ્રવાલની જામીન અરજી બુધવારે યુકેની અદાલતે આરોપોની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ફગાવી દીધી હતી. છેતરપિંડી અને મની લોન્ડરિંગના કેસમાં ભાગેડુ વેપારી મેહુલ ચોક્સીનું પ્રતિનિધિત્વ કરી ચૂકેલા અગ્રવાલ, યુકેના સીરિયસ ક્રાઇમ એક્ટ અને મોડર્ન સ્લેવરી એક્ટ હેઠળ 13 ગુનાઓનો સામનો કરતાં દક્ષિણાર્ક ક્રાઉન કોર્ટમાં જસ્ટિસ જોન મિલને સામે રજૂ થયા હતા. અદાલતમાં બહાર આવેલી વિગતો અનુસાર, દિલ્હીના 57 વર્ષીય એડવોકેટ પર મહિલાની સંમતિ વિના તેને 'અયોગ્ય રીતે સ્પર્શ' કરવા અને 'જાતીય શોષણના હેતુથી' મહિલાઓના પ્રવાસની વ્યવસ્થા કરવાનો આરોપ છે - આ આરોપોને જજ દ્વારા 'અત્યંત પરેશાન કરનાર' ગણાવવામાં આવ્યા હતા.

## ઝારખંડનાં બે ગામોમાં કરમ વિસર્જન દરમિયાન 6 લોકો ડૂબી ગયા

મેદિનીનગર (ઝારખંડ), તા. 23 (પીટીઆઇ): ઝારખંડના પલામુ જિલ્લામાં આદિવાસી તહેવાર 'કરમ' દરમિયાન પૂજા કરાયેલી વૃક્ષની ડાળીઓના વિસર્જન વેળાએ બનેલી બે અલગ-અલગ ઘટનાઓમાં ચાર સગીરો સહિત છ લોકોનાં ડૂબી જવાથી મોત થયાં હોવાનું પોલીસે જણાવ્યું હતું. આમાંથી પાંચ મોત બોકાયા ગામમાં અને એક મોત નાની ઝારિયા ફળિયામાં નોંધાયું હતું. રાજ્યમાં સરહુલ પછીના સૌથી મોટા આદિવાસી તહેવારોમાંના એક એવા 'કરમ'ની મંગળવારે ઉજવણી કરવામાં આવી હતી. તહેવાર દરમિયાન પૂજા કરવામાં આવેલી કરમ વૃક્ષની ડાળીના વિસર્જન સાથે આ તહેવાર પૂર્ણ થાય છે. મુખ્ય મંત્રી હેમંત સોરેને આ દુર્ઘટનાઓને અત્યંત હૃદયદ્રાવક ગણાવી છે. સોરેને 'એક્સ' પર પોસ્ટ કરતાં લખ્યું, "પલામુમાં 'કરમ ડાળી વિસર્જન' દરમિયાન નદીમાં લોકોના ડૂબી જવાની ખબર અત્યંત હૃદયદ્રાવક અને પીડાદાયક છે.

## ટેક્નિકલ ખામીના કારણે દિલ્હી જતું ઇન્ડિગોનું વિમાન લંડન પરત ફર્યું

નવી દિલ્હી, તા. 23 (PTI) સૂત્રોના જણાવ્યા અનુસાર, લંડન હીથ્રોથી દિલ્હી જતું ઇન્ડિગોનું ડ્રીમલાઇનર વિમાન ટેક્નિકલ ખામી સર્જાતા બુધવારે વહેલી સવારે લંડન પરત ફર્યું હતું. ફ્લાઇટ ટ્રેકિંગ વેબસાઇટ Flightradar24.com પર ઉપલબ્ધ માહિતી મુજબ, લંડન હીથ્રોથી દિલ્હી માટેની ફ્લાઇટ 6ઈ4નું સંચાલન કરી રહેલું બોઈંગ 787-9 વિમાન પરત ફરતાં પહેલાં લગભગ એક કલાક સુધી હવામાં રહ્યું હતું. સૂત્રોએ જણાવ્યું કે, વિમાનમાં ટેક્નિકલ ખામી સર્જાઈ હતી અને તે લંડન હીથ્રો ખાતે સુરક્ષિત ઊતરી ગયું હતું. ઇન્ડિગો તરફથી કોઈ નિવેદન આવ્યું નથી.

## અફઘાનિસ્તાને છોડેલા આઠ ડ્રોન પાકિસ્તાને તોડી પાડ્યા

ઇસ્લામાબાદ, તા. ૨૩ (પીટીઆઇ): પાકિસ્તાની સુરક્ષા દળોએ બુધવારે અફઘાનિસ્તાન તરફથી છોડવામાં આવેલા અને પાકિસ્તાની હવાઈ ક્ષેત્રમાં પ્રવેશેલા આઠ ડ્રોનને તોડી પાડ્યા હતા. બંને પડોશી દેશો વચ્ચેની સરહદે તાજી અથડામણોને કારણે તણાવ વધુ ઘેરો બન્યો છે. એમ સુરક્ષા સૂત્રોએ જણાવ્યું હતું. ઉત્તર-પશ્ચિમ પાકિસ્તાનના ખૈબર-પખ્તુનખ્વા પ્રાંતમાં તોરખામ સરહદ નજીક ચાર ડ્રોન અને કોહાટ નજીકના પહાડી વિસ્તારોમાં અન્ય ચાર ડ્રોનને તોડી પાડવામાં આવ્યા હતા. આ દાવાઓની સ્વતંત્ર રીતે ચકાસણી થઈ શકી નથી.

# પેજ3

## કાર્તિક આર્યને નેશનલ એવોર્ડ સાથે મુંબઈના લાલબાગના રાજાના આશીર્વાદ લીધા



મુંબઈ, તા. 23 : 'ચંદુ ચેમ્પિયન' માટે પોતાનો પ્રથમ બેસ્ટ એક્ટરનો નેશનલ એવોર્ડ જીત્યાના એક દિવસ પછી બુધવારે કાર્તિક આર્યને મુંબઈના લાલબાગના રાજાનાં દર્શન કર્યાં હતાં અને ટ્રોફી ભગવાન ગણેશના ચરણોમાં મૂકી હતી. અભિનેતાએ પંડાલમાંથી એક ફોટો પણ પોસ્ટ કર્યો હતો અને બાપ્પાનો આભાર માન્યો હતો. કાર્તિકે મુંબઈના પંડાલમાં પરંપરાગત આછા વાદળી રંગનો કુર્તો પહેર્યો હતો. કાર્તિકે પહેલા પ્રાર્થના કરી, પછી આદરપૂર્વક એવોર્ડ ભગવાન સમક્ષ મૂક્યો. બાદમાં, તેમણે સોશિયલ મીડિયા પર આ મુલાકાતનો એક ફોટો પોસ્ટ કર્યો હતો.

## સંજય દત્તે લાલબાગના રાજા સમક્ષ પત્ની માન્યતાના કપાળ પર સિંદૂર પૂર્યું



મુંબઈ, તા. 23: ગણેશોત્સવ દરમિયાન લાલબાગના રાજા એકવાર ફરીથી સેલિબ્રિટી હોટસ્પોટ બન્યા છે, જ્યાં બોલિવૂડના અનેક સિતારાઓ અને જાણીતી હસ્તીઓ બાપ્પાના આશીર્વાદ લેવા માટે મુંબઈના આ પ્રખ્યાત પંડાલમાં પહોંચી રહ્યા છે. મંગળવારે સંજય દત્ત તેમની પત્ની માન્યતા દત્ત સાથે લાલબાગના રાજાના દર્શને પહોંચ્યા હતા. નારંગી રંગના કુર્તામાં સજ્જ સંજય દત્તે પંડાલમાં પૂજા-અર્ચના કરી હતી, જ્યારે માન્યતા પરંપરાગત ગુલાબી રંગના આઉટફિટમાં ખૂબ જ સુંદર લાગી રહી હતી. તેમની મુલાકાત દરમિયાન, સંજય દત્તે તિલક કર્યું હતું અને બાપ્પાના આશીર્વાદ લેતી વખતે તેઓ પોતાની પત્ની માન્યતાના કપાળ પર સિંદૂર લગાવતા પણ નજરે પડ્યા હતા.

## પત્ની સુનીતાએ એકલા દર્શન કર્યાના કલાકો બાદ ગોવિંદા કોમલ રાની સાથે લાલબાગના રાજાના દર્શને પહોંચ્યો



મુંબઈ, તા. 23: ગોવિંદાએ મુંબઈના પ્રખ્યાત લાલબાગના રાજાના દર્શન કર્યા હતા. ગણેશ ચતુર્થી દરમિયાન આશીર્વાદ લેવા માટે મંગળવાર, 22 સપ્ટેમ્બરના રોજ ગોવિંદા લાલબાગના રાજા પહોંચ્યો હતો. અભિનેતા પોતાની ફિલ્મ 'રૂપા'ની સહ-કલાકાર કોમલ રાની સ્વર્ણકાર સાથે પંડાલમાં પહોંચ્યો હતો, જેના કારણે તેઓ લોકોના ધ્યાનનું કેન્દ્ર બન્યા હતા. ઉલ્લેખનીય છે કે, પત્ની સુનીતા આહુજા સાથેના ચાલી રહેલા વિવાદ વચ્ચે કોમલ રાનીનું નામ તેમની સાથે જોડાઈ રહ્યું છે. આ મુલાકાતના સમયની પણ નોંધ લેવામાં આવી હતી. કારણ કે, સુનીતાએ તે જ દિવસે અગાઉ લાલબાગના રાજાની મુલાકાત લીધી હતી. ગોવિંદા અને કોમલે પંડાલમાં પ્રાર્થના કરી હતી અને અંતિમ આરતીમાં ભાગ લીધા બાદ બંને બહાર ફોટોગ્રાફરો સમક્ષ પોઝ આપતા નજરે પડ્યા હતા.

## લાલબાગના રાજાનાં દર્શન માટે લાઇનમાં ઊભો રહ્યો રાજપાલ યાદવ



મુંબઈ, તા. 23 : રાજપાલ યાદવ બોલિવૂડના સૌથી જાણીતા અભિનેતાઓમાંના એક છે, પરંતુ જ્યારે મુંબઈના પ્રખ્યાત લાલબાગના રાજાના આશીર્વાદ લેવાની વાત આવી, ત્યારે તેમણે સામાન્ય ભક્તની જેમ 'આમ જનતા'ની વચ્ચે લાઇનમાં ઊભા રહેવાનું પસંદ કર્યું. આ અભિનેતા અન્ય ભક્તો સાથે વીઆઈપી ટ્રીટમેન્ટ પસંદ કરવાને બદલે લાંબી કતારમાં રાહ જોતાં અને ધીરજપૂર્વક પંડાલ તરફ આગળ વધતાં નજરે પડ્યો હતો. રાજપાલ લાઇનમાં ઊભા રહ્યો, 'ગણપતિ બાપ્પા મોર્યા'ના નારા લગાવ્યા અને આસપાસના લોકોને હાથ હલાવીને અભિવાદન કર્યું. અભિનેતાના આ સાદા અંદાજે ભક્તોનું ધ્યાન ખેંચ્યું, જેમાંથી ઘણાએ તેમને ઓળખી લીધો અને પોતાના ફોનમાં આ ક્ષણિક દૃશ્યને કેદ કરવાનો પ્રયાસ કર્યો.


**ઓનલાઈન ટેન્ડરીંગ**
**માર્ગ અને મકાન વિભાગ, ભરૂચ**
**જાહેર નિવિદા નં. ૧૩ સને ૨૦૨૬-૨૭**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના નામે અને વતીથી કાર્યપાલક ઈજનેરશ્રી ભરૂચ (મા.મ) વિભાગ, ગાયત્રીનગર, ભરૂચ કોડ નં. ૩૯૨૦૦૧ (ફોન નં. ૦૨૬૪૨-૨૬૧૩૯૪) હસ્તક આવેલ રોડ રીપેરીંગના ૦૫ કામ તેમજ જે કુલ ૦૫ કામના ઓનલાઈન ટેન્ડર માંગવામાં આવે છે. જેની અંદાજી કિંમત રૂા. ૧૮.૯૩ લાખ થી રૂા. ૨૪.૬૩ લાખ વચ્ચે છે.

ઉપરોક્ત કામના ટેન્ડર ડોક્યુમેન્ટ http://tender.nprocure.com વેબસાઈટ ઉપર તા. ૦૭/૧૦/૨૦૨૬ સુધી ઉપલબ્ધ રહેશે તથા માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.gujarat.gov.in ઉપર જોવા મળશે. નિવિદામાં થનાર ફેરફાર વેબસાઈટ પર જોવા મળશે.

માહિતી/ભરૂચ/૩૩૪/૨૦૨૬

**જાહેર નિવિદા નં.૧૪ સને ૨૦૨૬-૨૭**

કાર્યપાલક ઇજનેરશ્રી, નવસારી (માxમ) વિભાગ, જુનાથાણા, નવસારી (ફોન નં.૦૨૬૩૭-૨૫૮૦૪૧) ની કચેરી દ્વારા ૧ બ્રીજના કામ જેની અંદાજીત રકમ રૂા.૧૬૯૮.૮૦ લાખની છે. આ કામ માટેના ટેન્ડર તા.૧૫/૧૦/૨૦૨૬ ના ૧૮.૦૦ કલાક સુધી ઓનલાઇન ભરી શકાશે. પ્રી-બીડ કોન્ફરન્સ તા.૦૫/૧૦/૨૦૨૬ બપોરે ૧૨.૦૦ કલાકે અધિક્ષક ઈજનેરશ્રી, (માxમ) વર્તુળ, સુરત ખાતે યોજેલ છે. આ કામના ટેન્ડર Website: https://tender.nprocure.com પર ઓનલાઇન ભરવાના રહેશે. આ કામ અંગેની વિગતવાર માહિતી નોટીસ બોર્ડ અને માહિતી વિભાગની વેબસાઇટ www.statetenders.gujarat.gov.in પર જોવા મળશે. સદર જાહેરાતને લગત અન્ય સુધારા વધારા ઉપરોક્ત જણાવેલ વેબસાઈટ પર જ ભાવો ભરનારને જોવા મળશે.

કાર્યપાલક ઇજનેર
નવસારી (માxમ) વિભાગ
નવસારી

માહિતી/નવસારી/૩૩૦/૨૦૨૬

**SURAT MUNICIPAL CORPORATION**
**NEW EAST(SARTHANA) ZONE**
**E TENDER (ONLINE) INVITATION NOTICE**
**(ONLINE) NO. DMC/NEZ/09/2026-2027**

FIT INDIA

Tender for invited for various Depat.Works On line on web site https://smctender.nprocure.com from Government Approved Contractor with following schedule.

| S.N. | Name of the Dept | Technical Dept | Total work | Total Est.Cost Rs. (Lakh) |
|---|---|---|---|---|
| 01 | No. of Work | 01 | 01 | 15=00 |

The detail tender Notice will be made available on website (Visit Us www.suratmunicipal.gov.in)

No.PRO/ 247/2026-27
Date. 23/09/2026

Deputy Municipal Commissioner (D)
Surat Municipal Corporation




» ભુવનેશ્વર ખાતે ઓડિશા વિધાનસભાના ચોમાસુ સત્રના બીજા દિવસે, શાળાના પાઠ્યપુસ્તકોમાં થયેલી ભૂલો અને નવા ખાણ કાયદાના વિરોધમાં BJD અને કોંગ્રેસના ધારાસભ્યોએ ઉગ્ર બેનરો સાથે પ્રદર્શન કર્યું હતું. વિપક્ષ દ્વારા શિક્ષણ મંત્રી નિત્યાનંદ ગોંડના રાજીનામાની માંગ સાથે થયેલા ભારે હોબાળાને કારણે બુધવારે ગૃહની કાર્યવાહી માત્ર 11 મિનિટ જ ચાલી શકી હતી.

# ટ્રમ્પના વિરોધ બાદ ચાગોસ આઈલેન્ડ કરાર રદ થવાના આરે

**જ્યાં** સુધી અમેરિકા અને બ્રિટન આ મુદ્દે સંમત ન થાય ત્યાં સુધી મોરિશિયસને આ આઈલેન્ડ સોંપવામાં નહીં આવે: બ્રિટિશ સંરક્ષણ મંત્રી

**ડોનાલ્ડ** ટ્રમ્પે કરારને 'ભયાનક અને હાસ્યાસ્પદ' ગણાવ્યો



ન્યૂયોર્ક, તા. 23: અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ચાગોસ આઈલેન્ડ કરારની આકરા શબ્દોમાં ટીકા કર્યા બાદ બ્રિટિશ સંરક્ષણ મંત્રી વેસ સ્ટ્રીટીંગે સ્વીકાર્યું છે કે અમેરિકાના સમર્થન વિના આ કરાર સંપૂર્ણપણે રદ થઈ જશે. સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (યુએનડીએ)ના સંમેલન દરમિયાન બ્રિટનના નવા વડા પ્રધાન એન્ડી બર્નહામ સાથેની પ્રથમ મુલાકાતમાં ટ્રમ્પે મોરિશિયસને આ દ્વીપસમૂહ સોંપવાની શરતોને 'ભયાનક અને હાસ્યાસ્પદ' ગણાવી હતી.

ટ્રમ્પે સ્પષ્ટ કર્યું કે ચીનના સાથી દેશ મોરિશિયસને ચાગોસ સોંપવાથી હિંદ મહાસાગરમાં આવેલા વ્યુહાત્મક રીતે અત્યંત મહત્વપૂર્ણ ડિગો ગાર્સિયા સૈન્ય મથકની સુરક્ષા જોખમમાં મુકાઈ શકે છે. તેમણે ઉમેર્યું કે જે પ્રદેશ પર દાયકાઓથી મોરિશિયસનો કોઈ દાવો ન હતો, તેને આટલી સરળતાથી અને દર વર્ષે કરોડો પાઉન્ડ ચૂકવીને આપી દેવાનો નિર્ણય અત્યંત ગંભીર ભૂલ છે.

બ્રિટિશ સંરક્ષણ મંત્રીએ સ્પષ્ટતા કરી છે કે જ્યાં સુધી અમેરિકા અને બ્રિટન બંને આ મુદ્દે સંમત ન થાય ત્યાં સુધી મોરિશિયસને કોઈ ચૂકવણી કરવામાં આવશે નહીં.

## રશિયાના કિવ પર ડ્રોન હુમલામાં બેના મોત, 23 ઘાયલ

કિવ, તા. 23 (AP): યુક્રેનના પ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કી યુએન સામાન્ય સભામાં વિશ્વના નેતાઓ સાથે બેઠકો માટે તૈયારી કરી રહ્યા હતા, ત્યારે રશિયાએ બુધવારે દિવસ દરમિયાન યુક્રેનની રાજધાની કિવ પર ડ્રોન વડે ભીષણ હુમલા કર્યા હતા. યુક્રેનની નાગરિક વસ્તીને ત્રાસ આપતા રશિયાના દૈનિક હુમલાઓની આ તાજી કડીમાં કિવમાં બે લોકોના મોત થયા હતા અને 23 લોકો ઘાયલ થયા હતા, તેમજ શહેર પર કાળા ધુમાડાના ગોટા ઉડતા જોવા મળ્યા હતા.

# યુએન મહાસભામાં તુર્કી પ્રમુખ એર્દોગને ફરી ઉઠાવ્યો કાશ્મીર મુદ્દો

**તુર્કીયેએ** અન્ય દેશોની સાર્વભૌમત્વનું સન્માન કરવું જોઈએ: ભારત

પીટીઆઈ, સંયુક્ત રાષ્ટ્ર, તા. 23: તુર્કીના પ્રમુખ રેસેપ તૈયપ એર્દોગને સંયુક્ત રાષ્ટ્ર સામાન્ય સભા (યુએનજીએ)ના ઉચ્ચ સ્તરીય 81મા સત્રમાં વિશ્વના નેતાઓને સંબોધિત કરતી વખતે ફરી એકવાર કાશ્મીરનો મુદ્દો ઉઠાવ્યો છે. મંગળવારે પોતાના સંબોધનમાં એર્દોગને કહ્યું હતું કે, 'દક્ષિણ એશિયામાં, સંયુક્ત રાષ્ટ્રના ચાર્ટર અને સંબંધિત પ્રસ્તાવના માળખામાં રહીને સંવાદ દ્વારા કાશ્મીર મુદ્દા સહિતના તમામ વિવાદોનો ઉકેલ લાવવો મહત્વપૂર્ણ છે.' એર્દોગને યુએનજીએમાં તેમના સંબોધન દરમિયાન કાશ્મીર મુદ્દા પર વાત કરી હોય તેવું આ પહેલીવાર નથી. ગયા વર્ષે સપ્ટેમ્બરમાં પણ તેમણે યુએનજીએ ખાતે કાશ્મીર મુદ્દાના ઉકેલ માટે હાકલ કરી હતી.


**पंजाब नैशनल बैंक ...भरोसे का प्रतीक ! punjab national bank ...the name you can BANK upon !**

બીઓ : વાપી શાખા,: આકાર મોટર નજીક, ને.હા.નં. ૪૮, વાપી ૩૯૬૧૯૫ જી. વલસાડ,ગુજરાત, email: bo3903@pnb.bank.in

અહી નોટીસ આથી નીચેના દેવાદારો **શ્રી દર્શન ઈશ્વરભાઈ પટેલ (દેવાદાર), શ્રીમતી અંજના જે પટેલ (સહ દેવાદાર) સરનામું : ફ્લેટ નં.૪૦૩, ૪થો માળ, બિલ્ડીંગ-બી, સાંઈ આસ્થા, ગામ.દાદરા, યુટી.દાદરા નગર હવેલી ૩૯૬૨૩૦** કે જેમણે બેંક મારફત લોન સુવિધા લીધેલ જેમાં મુદલ અને વ્યાજની ચુકવણી માં કસુર કરેલ છે. આ લોન સુવિધા માટે પોતાની અંગત ગેરંટી આપેલ છે. અને લોન ખાતુ નોન- પરફોર્મીંગ એસેટ( એનપીએ) તરીકે વગીકૃત થયુ છે. તેમના છેલ્લા જાણીતા સરનામા પર સિક્યોરિટાઈઝેશન એન્ડ રિ-કન્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટસ અને એન્ફાર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ તેમને નોટીસ જારી કરવામાં આવેલ હતી પરંતુ તે બજવણી થયા વગર પરત થયેલ છે. અને આથી તેમને આ જાહેર નોટીસ થી તેમને જાણ કરવામાં આવે છે.

| અ. નં. | દેવાદારો ના નામ અને ખાતા નંબર | સુરક્ષીત કરેલ મિલકતનુ સરનામુ વર્ણન | નોટીસની તારીખ | એનપીએ ની તારીખ | બાકી રકમ (નોટીસની તા.૩૧.૦૮.૨૦૨૬ મુળ + વ્યાજ + અન્ય ચાર્જીસ સહીત) |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી દર્શન ઈશ્વરભાઈ પટેલ (દેવાદાર), શ્રીમતી અંજના જે પટેલ (સહ દેવાદાર) ખાતા નં. 390300NC00005423 & 390300NC00005502 | **મોર્ગેજ કરેલ સ્થાયી મિલકત** : તમામ ભાગ અને હિસ્સો ધરાવતી 'સાંઈ આસ્થા' તરીકે ઓળખાતી રહેણાંકની રબીએચકે બિલ્ડીંગ નં.બી ના ૪થા માળનો ફ્લેટ નં.૪૦૩ તેનો કારપેટ માપ ૪૫૧.૯૨ ચો.ફુટ સાથે બાલ્કની માપ ૮૪.૩૫ ચો.ફુટ અને વોશ એરિયા માપ ૮૬.૦૬ ચો.ફુટ (કુલ ૬૨૨.૩૫ ચો.ફુટ) અને બાજુનું પાર્કિંગ નં.નથી, માપ નથી ચો.ફુટ બાંધકામ બિન-ખેતી જમીન સર્વે નં.૧૭૭ માપ ૦ હેકટર ૨૭ આરે અને સર્વે નં.૧૯૨/૨ માપ ૦ હેકટર ૦૫ આરે, કુલ માપ ૦ હેકટર ૩૨ આરે ગામ.દાદરા કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી ખાતે ના રહેણાક - કમ - કોર્મશિયલ હેતુ માટે આવેલ છે. જેની ચર્તુદિશા : **ઉત્તર તરફ** : ફ્લેટ નં.૪૦૪, **દક્ષિણ તરફ** : સોસાયટી નો કોમન રોડ, **પુર્વ તરફ** : બિલ્ડીંગનો કોમન પેસેજ, **પશ્ચિમ તરફ** : સોસાયટી નો કોમન રોડ, | ૧૪.૦૯.૨૦૨૬ | ૨૮.૦૮.૨૦૨૬ | રૂા. ૧૫,૭૦,૪૧૩.૪૭/- |

ઉપરોક્ત દેવાદાર(રો) ને આ નોટીસના પ્રકાશનની તારીખ થી ૬૦ દિવસ ની અંદર બાકી રકમની ચુકવણી કરી દેવા જણાવવામાં આવે છે. ૬૦ દિવસની સમાપ્તી પછી તેમ કરવામાં કસુર થયે સિક્યોરિટાઈઝેશન એન્ડ રિ-કન્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટસ અને એન્ફાર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ની કલમ ૧૩ની પેટા કલમ(૪) હેઠળ આગળ ના પગલા લેવામાં આવશે.

તમારૂ ધ્યાન આ ધારાની પેટા કલમ-૧૩ કલમ ૧૩ મુજબ દેવાદાર બેંકની લેખિત સંમતિ મેળવ્યા વિના ઉપર જણાવેલી સુરક્ષિત મિલકત વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે સુરક્ષિત સંપત્તિને ટ્રાન્સફર કરવાનું તમારા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.

દેવાદારનુ ધ્યાન દોરવવાનુ કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

તારીખ : ૧૪.૦૯.૨૦૨૬ સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક

**पंजाब नैशनल बैंक ...भरोसे का प्रतीक ! punjab national bank ...the name you can BANK upon !**

વેલંજા શાખા (ડી નં. ૮૯૫૪૦૦) : ૧૫૧-૧૫૧ એ નવા ફળિયા વેલંજા ૩૯૪૧૫૦. ફોનં. : ૬૩૫૯૯૦૬૪૦૯ email: bo8954@pnb.bank.in

અહી નોટીસ આથી નીચેના દેવાદારો **શ્રી શંકરજી ઠાકોર (દેવાદાર કમ ગીરવેદાર), શ્રીમતી કલાબેન ઠાકોર (સહ દેવાદાર) સરનામું : પ્લોટ નં.૧૫૩, દિનદયાલ સોસાયટી, પાલનપુર,સુરત ૩૯૫૦૦૯** કે જેમણે બેંક મારફત લોન સુવિધા લીધેલ જેમાં મુદલ અને વ્યાજની ચુકવણી માં કસુર કરેલ છે. આ લોન સુવિધા માટે પોતાની અંગત ગેરંટી આપેલ છે. અને લોન ખાતુ નોન- પરફોર્મીંગ એસેટ( એનપીએ) તરીકે વગીકૃત થયુ છે. તેમના છેલ્લા જાણીતા સરનામા પર સિક્યોરિટાઈઝેશન એન્ડ રિ-કન્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટસ અને એન્ફાર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ તેમને નોટીસ જારી કરવામાં આવેલ હતી પરંતુ તે બજવણી થયા વગર પરત થયેલ છે. અને આથી તેમને આ જાહેર નોટીસ થી તેમને જાણ કરવામાં આવે છે.

| અ. નં. | દેવાદારો /જામીનદારો ના નામ અને ખાતા નંબર | સુરક્ષીત કરેલ મિલકતનુ સરનામુ વર્ણન | નોટીસની તારીખ | એનપીએ ની તારીખ | બાકી રકમ (નોટીસની તા.૨૯.૦૮.૨૦૨૬ મુળ + વ્યાજ + અન્ય ચાર્જીસ સહીત) |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી શંકરજી ઠાકોર (દેવાદાર કમ ગીરવેદાર), શ્રીમતી કલાબેન ઠાકોર (સહ દેવાદાર) ખાતા નં.89500NT00000213 | **મોર્ગેજ કરેલ સ્થાયી મિલકત** : તમામ ભાગ અને હિસ્સો ધરાવતી 'શ્રી હરી રેસીડેન્સી' તરીકે ઓળખાતી સોસાયટી નો પ્લોટ નં.૪૧ (કે.જે.પી મુજબ બ્લોક નં.૧૫૧-૪૧), બાંધકામ નું માપ ૪૦.૩૭ ચો.મી વણવહેચાયેલ હિસ્સા આશરે ૨૮.૨૯ ચો.મી સીઓપી અને કોમન રોડ, બંધાયેલ જમીન બ્લોક નં.૧૫૧ (એકત્રીકરણ બાદ રેવન્યુ સર્વે /નવો બ્લોક નં.૧૫૧ અને ૧૫૨ (જુનો બ્લોક નં.૧૨૨ અને ૧૨૩) મોજે ગામ.શેખપુર, તા. કામરેજ, જી.સુરત ખાતે આવેલ છે. જેની ચર્તુદિશા : **પુર્વ તરફ** : જોડેનો પ્લોટ નં.૪૨, **પશ્ચિમ તરફ** : જોડેનોપ્લોટ નં.૪૦, **ઉત્તર તરફ** : જોડેનો પ્લોટ નં.૩૪, **દક્ષિણ તરફ** :જોડેની સોસાયટી રોડ. | ૦૯.૦૯.૨૦૨૬ | ૨૯.૦૮.૨૦૨૬ | રૂા. ૮,૧૪,૨૮૨.૧૦/- |

ઉપરોક્ત દેવાદાર(રો) અને જામીનદાર ( જે પણ લાગુ હોય) ને આ નોટીસના પ્રકાશનની તારીખ થી ૬૦ દિવસ ની અંદર બાકી રકમની ચુકવણી કરી દેવા જણાવવામાં આવે છે. ૬૦ દિવસની સમાપ્તી પછી તેમ કરવામાં કસુર થયે સિક્યોરિટાઈઝેશન એન્ડ રિ-કન્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટસ અને એન્ફાર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ની કલમ ૧૩ની પેટા કલમ(૪) હેઠળ આગળ ના પગલા લેવામાં આવશે.

તમારૂ ધ્યાન આ ધારાની પેટા કલમ-૧૩ કલમ ૧૩ મુજબ દેવાદાર બેંકની લેખિત સંમતિ મેળવ્યા વિના ઉપર જણાવેલી સુરક્ષિત મિલકત વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે સુરક્ષિત સંપત્તિને ટ્રાન્સફર કરવાનું તમારા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.

દેવાદારનુ ધ્યાન દોરવવાનુ કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

તારીખ : ૦૯.૦૯.૨૦૨૬ સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક


# ડિઝની વર્લ્ડના 'એનિમલ કિંગડમ'ને મળ્યો નવો રાજા

**રૂટિન** મેડિકલ ચેકઅપ બાદ બાકારીએ ગોરિલા પરિવારની કમાન સંભાળી



ઓર્લાન્ડો. તા. 23: ડિઝની વર્લ્ડના 'એનિમલ કિંગડમ' થીમ પાર્કે તેના સૌથી વૃદ્ધ સિલ્વરબેક ગોરિલા 'જીનો'ના 44 વર્ષની વયે થયેલા અવસાન બાદ, ગોરિલા પરિવારના નવા સરદાર તરીકે 21 વર્ષીય પશ્ચિમી લોલેન્ડ ગોરિલા 'બાકારી'નું સ્વાગત કર્યું છે. 30 જૂને પાર્કમાં પદાર્પણ કરનાર બાકારીએ તાજેતરમાં જ પોતાનું પ્રથમ રૂટિન મેડિકલ ચેકઅપ કરાવ્યું હતું, જેમાં તેના દાંતની તપાસ, ખોપરીના એક્સ-રે અને સીટી સ્કેન કરવામાં આવ્યા હતા. મુખ્ય સિલ્વરબેક તરીકે બાકારી આ પરિવારને માર્ગદર્શન અને સુરક્ષા આપવાની મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. પાર્કના પ્રાણી સંભાળ વ્યવસ્થાપક મુજબ, બાકારીને ધીમે-ધીમે પરિવારની માદાઓ સાથે પરિચિત કરવામાં આવ્યો છે. 'એસોસિએશન ઓફ ઝૂઝ એન્ડ એક્વેરિયમ્સ'ના પ્રજાતિ સંરક્ષણ કાર્યક્રમ હેઠળ બાકારીનું આ આગમન ગોરિલાઓની આ દુર્લભ પ્રજાતિના ભવિષ્ય અને વંશવેલાને જાળવી રાખવા માટે અત્યંત મહત્વનું સાબિત થશે. ડિઝનીની ગોરિલા કેર ટીમના જણાવ્યા અનુસાર 'પરંતુ આ ખૂબ જ રોમાંચક પણ છે. બાકારી આ ગોરિલા પરિવારનું ભવિષ્ય છે, અને અમે તેને આ નવી ભૂમિકામાં ઢળતો જોવા તથા આગામી વર્ષોમાં ગોરિલાઓની નવી પેઢીઓનું સ્વાગત કરવા આતુર છીએ.' નવા ગોરિલાઓને સૌથી પહેલા એક સુરક્ષિત વ્યુઈંગ એરિયા (કાચ કે જાળીવાળી જગ્યા)માંથી તેમના જૂથ સાથે પરિચિત કરવામાં આવે છે, જેથી તેમના વર્તન અને મેળાપ પર નજર રાખી શકાય.

# ઈરાને તેલુગુ એક્શન ફિલ્મ દ્વારા ટ્રમ્પની મજાક ઉડાવી

**ઇરાને** કહ્યું : અમેરિકી પ્રમુખ હોલિવૂડના બદલે બોલિવૂડ વધુ જુએ છે



નવી દિલ્હી, તા. 23 : ઝિમ્બાબ્વેમાં ઈરાની દૂતાવાસના સોશિયલ મીડિયા એકાઉન્ટે બુધવારે એક મોટો દાવો કર્યો. એક્સ પર એક પોસ્ટમાં કહેવામાં આવ્યું કે, અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કદાચ હોલિવૂડના બદલે બોલિવૂડ ફિલ્મો જોવાનું શરૂ કરી દીધું છે. તેમણે યુએનમાં ઈરાનને 'ખતમ' કરવાની ટ્રમ્પની ધમકી પર તેમની મજાક ઉડાવી, પરંતુ તેમાં એક સમસ્યા હતી. ટ્રમ્પના બોલિવૂડ ફિલ્મો જોવાના ઉદાહરણ તરીકે જે ફિલ્મનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો, તે અસલમાં એક તેલુગુ એક્શન ફિલ્મ હતી. ટ્રમ્પે દુનિયાભરના પ્રતિનિધિઓ સામે પૂછ્યું, "શું હું ઈસ્લામિક રિપબ્લિકને ખતમ કરી દઉં અને તે પણ ઝડપથી? અથવા તો, શું હું તેમને નરકમાં ધકેલી દઉં, જ્યાં તેમના બચવાનો કોઈ મોકો ન હોય અને ન તો ભવિષ્યમાં મહાનતા કે આવનારી પેઢીઓની કોઈ આશા હોય?" તેના જવાબમાં, ઝિમ્બાબ્વેમાં ઈરાની દૂતાવાસે અમેરિકી પ્રમુખની મજાક ઉડાવી અને એક્સ પર એવો અંદાજ લગાવ્યો કે તેમની વાતો કદાચ બોલિવૂડ ફિલ્મો જોવાથી પ્રભાવિત હોઈ શકે છે.


**વેસ્ટર્ન રેલવે**

**પીવાના પાણીનો પુરવઠો પૂરો પાડવો**

ડિવિઝનલ રેલવે મેનેજર (WA), વેસ્ટર્ન રેલવે, 6ઠ્ઠો માળ, એન્જિનિયરિંગ ડિપાર્ટમેન્ટ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ 400008 દ્વારા નીચે મુજબ ટેન્ડર આમંત્રિત કરવામાં આવે છેઃ અનુ. નં. 1: ટેન્ડર નોટિસ નં.: BCT/26-27/159, તારીખ: 21/09/2026. કામ અને સ્થળઃ બાંદ્રા (વેસ્ટ કોલોની) - 730 દિવસના સમયગાળા માટે ટેન્કર દ્વારા પીવાનું પાણી પૂરું પાડવું. કામનો અંદાજિત ખર્ચઃ ₹ 17,19,701/-, EMD: ₹ 34,400.00. અનુ. નં. 2: ટેન્ડર નોટિસ નં.: BCT/26-27/160, તારીખ: 21/09/2026. કામ અને સ્થળઃ એમએમ કોલોની - 730 દિવસના સમયગાળા માટે ટેન્કરો દ્વારા પીવાનું પાણી પૂરું પાડવું. કામનો અંદાજિત ખર્ચઃ ₹43,47,200/, EMD: ₹87,000.00. ઉપરોક્ત તમામ ટેન્ડરો માટેઃ જમા કરવાની તારીખ અને સમયઃ 16.10.2026, 15.00 કલાક સુધી. ખોલવાની તારીખ અને સમયઃ 16.10.2026ના રોજ 15.30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.inની મુલાકાત લો. 0626

અમને લાઈક કરો facebook.com/WesternRly

**KALAMANDIR**
આજનો સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ
22 KT 1,38,960/-
18 KT 1,13,660/- 14 KT 88,350/-
+91 95109 70230
વડોદરા | મુંબઈ | અમદાવાદ | સુરત | વાપી | ભરૂચ | કોસંબા

**તરસાડી નગરપાલિકા**
**બીજો પ્રયત્ન**

તરસાડી નગરપાલિકા નીચે મુજબના કામો માટે રસ ધરાવતા ઇજારદારો પાસેથી ઓનલાઇન ઇ - ટેન્ડરીંગ પદ્ધતી દ્વારા ટેન્ડરો મંગાવવામાં આવે છે. ટેન્ડર દસ્તાવેજો વેબસાઇટ GEM PORTEL ઉપર તા. ૨૩/૦૯/૨૦૨૬ થી તા. ૦૩/૧૦/૨૦૨૬ સુધી ૧૮.૦૦ કલાક સુધી મળી શકશે. ટેન્ડરો માટે ઇ.એમડી, ટેન્ડર ફી તથા જરૂરી સાધનિક કાગળો તા. ૦૯/૧૦/૨૦૨૬ સુધીમાં તરસાડી નગરપાલિકા કચેરીએ સ્પીડપોસ્ટ અથવા રજીસ્ટર એડી થી મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે.

| અનુ. નં | કામનું નામ | અંદાજીત ખર્ચ ઇ.એમ.ડીની રકમ ટેન્ડરની ફી. |
|---|---|---|
| ૧ | તરસાડી નગરપાલિકા ના ડમ્પિંગ સાઇટ ઉપર આવેલ લેગસી વેસ્ટ નિકાલ કરવાનું કામ (જથ્થો :- ૬૬૮૪ મેટ્રિક ટન) | ૩૨,૯૪,૫૦૦/- ૩૨,૯૪૫/- ૧૭૭૦/- |

કારોબારી અધ્યક્ષ, તરસાડી નગરપાલિકા — પ્રમુખ, તરસાડી નગરપાલિકા — ચીફ ઓફીસર, તરસાડી નગરપાલિકા

ક્રમાંકઃ માહિતી-સુરત/૬૫૨/૨૦૨૬

बैंक ऑफ इंडिया Bank of India BOI

**વાપી (મેઈન) શાખા** : ગ્રાઉન્ડ ફ્લોર, દુકાન નં. ૧, ૨ અને ૩, ફોર્ચ્યુન ચંદ્ર નગરી એપાર્ટમેન્ટ વાપી દમણ રોડ જીએસટી ભવન નજીક, વાપી - ૩૯૬૧૯૧, જી. વલસાડ, ગુજરાત. ફોન - ૦૨૬૦- ૨૪૬૩૧૬૫ ઈમેઈલ : Vapi.Surat@bankofindia.bank.in

પરિશિષ્ટ ૪ [જુઓ રૂલ ૮(૧)] કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)

આથી નીચે સહી કરનાર **બેંક ઓફ ઈન્ડિયા, વાપી મેઈન શાખા**, ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ અને આ ધારાની કલમ ૧૩(૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૨૭.૧૧.૨૦૨૩** ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર **૧.શ્રી ઈમરાન મકબુલઅહમદ શેખ (દેવાદાર) ૨. મેહબુબ અબાસૈર ખાન (જામીનદાર)** ને નોટીસમાં દર્શાવેલ કુલ બાકી રકમ **રૂા.૨,૫૮,૯૧૫.૨૩/- (અંકે રૂા. બે લાખ અઠાવન હજાર નવસો પંદર અને ત્રેવીસ પૈસા પુરા) તા.૩૧.૦૩.૨૦૨૧** ના રોજ તેના પર વધારાનું વ્યાજ અને અન્ય ચાર્જીસ આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર અને જામીદનદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર, જામીનદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે કલમ ૧૩ પેટા કલમ (૪) ના રૂલ ૮ હેઠળ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૨૦મી સપ્ટેમ્બર ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો **પ્રત્યેક્ષ કબજો** સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદારો, જામીનદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ ઈન્ડિયા, વપી શાખા**, ના **રૂા. ૨,૫૮,૯૧૫.૨૩/- (અંકે રૂા. બે લાખ અઠાવન હજાર નવસો પંદર અને ત્રેવીસ પૈસા પુરા) તા.૩૧.૦૩.૨૦૨૧** ના રોજ અને અન્ય ચાર્જીસ ને આધીન રહેશે.

દેવાદારો અને જામીનદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ ૮ની જોગવાઈ મુજબ સુરક્ષિત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

**સ્થાયી મિલકતનું વર્ણન**

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી રહેણાંકની મિલકત કે જે 'તોહિદ પાર્ક' નો ૪થો માળની બિલ્ડીંગના રહેણાંક નો ફ્લેટ નં. ૪૧૧ માપ આશરે ૪૪૦.૦૦ ચો.ફુટ એટલે ૪૦.૮૭ ચો.મી, સુપર બિલ્ટઅપ એરિયા, બિનખેતી જમીનના બાંધકામ નો પ્લોટ નં. ૧ તેનો સર્વે નં. ૯૮/૧ પી (કોમ્પ્યુટરાઈઝ્ડ સ.નં. ૯૮/૧/પી ૧) ગામ. ડુંગરા, તા. વાપી, જી. વલસાડ, ગુજરાત રાજય ના સબ રજીસ્ટ્રાર વાપી, જી.વલસાડ ના અધિકારક્ષેત્રમાં આ બિલ્ડીંગ, શેડ ખાતે આવેલ છે. જેની ચર્તુદિશા : **પૂવે તરફ**: ફ્લેટ નં. ૪૧૦, **પશ્ચિમ તરફ** : ફ્લેટ નં. ૪૧૨ **ઉત્તર તરફ**: ખુલ્લી જગ્યા, **દક્ષિણ તરફ**: કોમન જગ્યા આવેલ છે.

તા.: ૨૦.૦૯.૨૦૨૬ | સ્થળ : વાપી — અધિકૃત અધિકારી, બેંક ઓફ ઈન્ડીયા વાપી મેઈન શાખા